
## જગવિખ્યાત

# જેસલમેરતીર્થ



**શ્રુતનિધિ**

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર

'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૪.

જગવિખ્યાત

# જેસલમેર તીર્થ

પ્રકાશક

શ્રુતનિધિ

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર

'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૪.

જગવિખ્યાત
**જેસલમેર તીર્થ**

❖

પ્રકાશન વર્ષ

વિ૦ સં૦ ૨૦૫૩ : ઈ૦ સ૦ ૧૯૯૭

નકલ : ૧૦૦૦

❖

ગ્રંથઆયોજન

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

❖

પ્રકાશક

શ્રુતનિધિ
શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# પ્રસ્તાવના

આ અગાઉ પ્રસિદ્ધ થઈ ચૂકેલી પરિચયપુસ્તિકા માળાની શ્રેણીમાં જેસલમેરનાં જગવિખ્યાત જૈન મંદિરો પરની, તેના ઇતિહાસ અને સ્થાપત્ય સંબંધી, સચિત્ર પુસ્તિકા આ સાથે પ્રકટ થઈ રહી છે, જે આગળની છ પુસ્તિકાઓની જેમ પ્રા૦ મધુસૂદન ઢાંકીએ તૈયાર કરી આપી છે. તેમાં સંલગ્ન તમામ ચિત્રો વારાણસીની The American Institute of Indian Studies નામક આંતરરાષ્ટ્રીય સંસ્થા તરફથી પ્રાપ્ત થયાં છે, જે તેમના સૌજન્યથી અહીં પ્રકટ કરી શકાયાં છે, જે બદ્દલ સદરહુ સંસ્થાના અમે આભારી છીએ.

અમદાવાદ
વિ૦ સં૦ ૨૦૫૩

શ્રુતનિધિ



## જગવિખ્યાત

# જેસલમેર તીર્થ

રાજસ્થાન રાજ્યના ઉત્તર ભાગે, ઈશાન ખૂણે, વર્તમાને તો પાકિસ્તાનની સરહદ લગોલગ આવેલું જેસલમેર ગામ તેનાં કલામય જિનભવનો, હસ્તલિખિત જૈન ગ્રન્થભંડારો, અને જાળી-ઝરૂખાઓની બારીક અને કમનીય નકશી ધરાવતી વિશાળ અને રમણીય હવેલીઓને કારણે જગવિખ્યાત બની ગયું છે. ચોતરફ વીંટળાયેલા વિસ્તીર્ણ રણપ્રદેશમાં આવેલું હોઈ ત્યાં પહોંચવાની વાટ અગાઉ અતિ દુર્ગમ, અને તે તરફનો પ્રવાસ ઘણો કઠિન અને જોખમી મનાતો. પરંતુ આજે તો પરિસ્થિતિ તદ્દન બદલાઈ ગઈ છે. જોધપુર-પોકરણ થઈને જતા રેલ અને સડક યાતાયાતના માર્ગોથી જેસલમેરની યાત્રા હવે ઘણી સુગમ બની ગઈ છે. જૈન જાત્રાળુઓ ઉપરાંત પ્રતિવર્ષે હજારો દેશી-વિદેશી પર્યટકો-સહેલાણીઓ જેસલમેરની મુલાકાત લે છે.

રણપ્રદેશની સપાટ ભૂમિમાંથી એકાએક ઊપસતી, લગભગ સમથળ ભાસતી, કિલ્લેબંધ નીચેરી ટેકરી પર મધ્યકાલીન જેસલમેર આવી રહ્યું છે; અને તેની ઉત્તરે અને અમુકાંશે પશ્ચિમે અત્યારનું ગામ વસેલું છે. પટવાઓની સવાસો વર્ષ પહેલાં બંધાયેલી પ્રસિદ્ધ હવેલીઓ આ નવા, નીચેના જેસલમેરમાં બનેલી છે. તો કેટલીક એ જ શૈલીમાં કિલ્લાની અંદર પણ બંધાયેલી : જેમાં મોતીમહેલ અને ગજવિલાસ સરખા રાજપ્રાસાદો અતિરિક્ત શ્રેષ્ઠીઓના કેટલાક કારીગરીયુક્ત નાના-મોટા આવાસોનો પણ સમાવેશ છે. પણ એ બધામાં સૌથી મહત્ત્વની ઇમારતો તો છે દુર્ગની અંદર પશ્ચિમ ભાગે આવેલું, દેવવિમાનોના સમુદાય શું ભાસતું, ૧૫મા સૈકામાં નિર્માણ થયેલાં જિનાલયોનું ઝૂમખું.

અનુશ્રુતિ અનુસાર ૧૨મા શતકમાં ભટ્ટિ રાજપુત જેસલ રાવલે પોતાના ભત્રીજા ભોજદેવને યુદ્ધમાં મારી લોદ્રવા જીતી લીધેલું; ત્યાર બાદ, મોટે ભાગે તો સલામતીની દૃષ્ટિએ, ત્યાંથી થોડાક માઈલ દૂર, અગ્નિ ખૂણામાં આવેલી ટેકરી પર 'જેસલમેરુ' નામક નવું દુર્ગમંડિત નગર વસાવ્યું.

(જો કે અત્યારનો ગોળ કોઠાઓવાળો કિલ્લો તો સં. ૧૫૧૨(ઈ. સ. ૧૪૫૬)માં અમરકોટ—પુરાતન આકાશવપ્ર—ના દુર્ગની દીવાલો તોડી તેની ઈંટો વડે, અને સાથે ત્યાંના જૈન શ્રેષ્ઠીઓની સહાયથી જેસલમેરી પથ્થરથી બનાવેલો છે.)

ઉપરકથિત અનુશ્રુતિઓ તથ્યપૂર્ણ હોય તો પણ આ ટેકરી પર નાનો સરખો વસવાટ તે પૂર્વે પણ હશે તેમ અહીં દશમા શતકના મધ્ય ભાગના અરસામાં મહામરુ શૈલીમાં બંધાયેલા, વર્તમાને લક્ષ્મીકાન્તના નામથી પરિચિત, બ્રાહ્મણીય દેવાલયના અસ્તિત્વ પરથી અનુમાની શકાય. ખરતરગચ્છની અનુશ્રુતિ અનુસાર અહીં સં. ૧૨૬૩/ઈ. સ. ૧૨૦૭માં ઉજ્જડ થઈ ગયેલ લોદ્રવામાંથી આચાર્ય જિનપતિસૂરિ પાર્શ્વનાથની પ્રતિમા જેસલમેર લાવેલા અને તેને પરોણા દાખલ મૂકેલી : પણ ક્યાં ? શું અહીં તે પહેલાં કોઈ જૈન મંદિર હતું ખરું કે જ્યાં પ્રતિમાને સન્માનપૂર્વક સાચવીને રાખી શકાય ? એ સંબંધમાં વિચારતાં એક નાનું સરખું પ્રમાણ ઉપલબ્ધ છે. લક્ષ્મીકાન્તના મંદિરના પ્રાસાદને ફરતી બહુ મોડેથી બાંધેલી દીવાલમાં, અંતરાલના ઉત્તર પ્રવેશના દ્વારમાં ગોઠવેલ દ્વારશાખાના ઉત્તરંગ (ઓતરંગ) પર ૧૧મા શતકમાં મૂકી શકાય તેવી કોરણીવાળી, નાની નાની ગોખલીઓમાં કંડારેલ જિનપ્રતિમાઓ જોવા મળે છે : અને ખંભાતના સં. ૧૩૬૬/ઈ. સ. ૧૩૧૦ના અભિલેખ અનુસાર શ્રેષ્ઠી કેશવે જેસલમેરમાં (ઈસ્વી ૧૩મી સદીના અંતિમ ચરણમાં) જિનાલય બંધાવેલું; આ બે પ્રમાણો લક્ષમાં લેતાં અહીં ૧૫મા શતકનાં જૈન બાંધકામોથી પૂર્વે બે'એક જિનાલય, લગભગ ૪૦૦-૪૫૦થી લઈ સવાસો'એક વર્ષ પહેલાં બંધાઈ ચૂક્યાં હોય. (સંભવ છે કે તે અત્યારના જૈન મંદિરોના સમૂહના સ્થાને જ બન્યાં હોય.)

જેસલમેરના તમામ મુખ્ય બાંધકામો અહીંના સ્થાનીય પીળા પથ્થર—ગોપીચંદનની સંગે જો એકાદ હળદરનો ગાંઠીઓ વાટી નાખીએ તો જેવી પીળાશં પ્રગટ થાય તેવા રંગના પથ્થર—ના બનેલા છે. (અમદાવાદમાં શેઠ હઠીસિંગના વિખ્યાત મંદિરના પરિસરમાં જેસલમેરી પથ્થરનો માનસ્તંભ કેટલાંક વર્ષો પૂર્વે રચાયેલો છે, તે પરથી આ વર્ણ કેવો હોય તેનો ખ્યાલ મળી રહે છે. જેસલમેરી પથ્થરની લાદીઓ પણ હવે અમદાવાદનાં નવાં મકાનોમાં વપરાવા લાગી છે.)

જેસલમેરનાં જૈન મંદિરોના સમૂહમાં કુલ છ મંદિરો બનેલાં છે. નિર્માણકાર્ય લગભગ સાતેક દાયકા સુધી ચાલેલું. વસ્તુતયા જેસલમેરનો એ સુવર્ણકાળ હતો. ખરતરગચ્છીય ઓસવાલ શ્રેષ્ઠીઓનાં ધન સાથે ધર્મભાવનાના સંગમના આવિર્ભાવ રૂપે પ્રગટ થયેલાં આ મંદિરો, વિદેશી આક્રમણકારોએ પશ્ચિમ ભારતમાં સર્જેલા પૂર્વે બંધાયેલાં બ્રાહ્મણીય અને જૈન મંદિરોના ઘોર વિનાશ પછી, ૧૫મા શતકમાં જાગેલા સર્જનાત્મક પ્રત્યુત્તર રૂપે, પુનરુત્થાનના એક ભાગ રૂપે, ઘટાવી શકાય. એ કાળે અન્યત્ર જ્યાં જ્યાં રાજપુત રાજ્યો ટકી રહેલાં—રાજસ્થાનમાં મેવાડ

અને ગોડવાડ અને ગુજરાતમાં ઈડર, પાવાગઢ, અને સોરઠ—ત્યાં ત્યાં પથ્થરો પર દેવાલયનાં સર્જનો માટે શિલ્પીઓનાં ટાંકણાં ફરીથી ગાજવાં લાગેલાં. અલબત્ત પૂર્વના યુગોની કલાનો મુકાબલો આ યુગની કલા નથી કરી શકતી. પુરાણા શિલ્પીઓની પશ્યતાપૂર્ણ પરિપાટી, પ્રતિભા, અને અભિજાત સર્જનો ઊભાં કરવાનું સહજ સામર્થ્ય એવં વિશિષ્ટ તાલીમ આ યુગમાં જોવા મળતી નથી. વસ્તુત: મોટા ભાગની કારીગરી પર એ કાળના સુથારી કામની છાપ સ્પષ્ટરૂપે વરતાય છે. પ્રતિમાઓની મુખાકૃતિઓ, દેહભંગીઓ, અને શોભનકલાના કંડારની ભાતોમાંથી ઉત્તમતા, ઉચ્ચ કોટીનું લાલિત્ય આદિ તત્ત્વો તો જૂના યુગોની સમાપ્તિ સાથે વિદાય લઈ ચૂકેલાં, છતાં આ યુગમાં કેટલીક પુરાણી પરંપરાઓ, હીન દશામાં પણ, ટકી રહી હોય તેમ લાગે છે, અને સાથે જ કેટલાક નવતર પ્રયોગો અને આવિષ્કારો પણ જોવા મળે છે. એ રીતે જોઈએ તો આ યુગની ઇમારતોના શિલ્પ-સ્થાપત્યનું કલાના ઇતિહાસમાં મૂલ્ય છે, સ્થાન છે, અને તેનું આકલન એ પરિપ્રેક્ષ્યમાં થવું ઘટે.

ગઢના ઈશાન તરફના દ્વારેથી પ્રવેશ્યા બાદ, ઉપર ચડ્યા પછી આવતા મોતીમહલથી થોડું આગળ વધતાં પશ્ચિમે, ચામુંડેશ્વરીના મંદિરના ત્રિભેટે આગળ જવા માટે બે રસ્તા ફાટે છે; તેમાં ડાબી બાજુનો માર્ગ જૈન દેવાલયો બાજુ વળે છે.

જૈન મંદિરોનો સમૂહ એક બીજાની તદ્દન આગળ પાછળ આવી રહેલા બે વિભાગોમાં વિસ્તરેલો છે : એમાં પાછળનાં ભાગનાં મંદિરો પહેલાં બંધાઈ ગયેલાં : તેમાં વચ્ચેનું પાર્શ્વનાથ જિનાલય, તેની દક્ષિણે અડીને આવેલ સંભવનાથ, અને ઉત્તર-ઈશાનમાં જોડેલા શીતલનાથના મંદિરનો સમાવેશ થાય છે. આ મંદિરોના લગભગ સહિયારા પ્રાંગણને અડીને, પૂર્વમાં આવેલું છે ચન્દ્રપ્રભ જિનનું ઉન્નત જિનાલય, તેની ઉત્તરે રિખભદેવ(ઋષભદેવ)નું મંદિર અને ચંદ્રપ્રભ મંદિરને કાટખૂણે પડતા રસ્તાના ખૂણે એટલે કે દક્ષિણે, નીચે અષ્ટાપદ અને ઉપરના ભાગે શાંતિનાથનું, એમ બેવડાં મંદિરો આવેલાં છે, જે બધાં થોડાં પાછોતરા કાળે બંધાયેલાં બીજા વિભાગમાં આવે છે. આ બધાં મંદિરો હવે તેમના કાલક્રમાનુસાર જોઈએ. જેસલમેરનાં મંદિરો વિષે ત્યાંના અભિલેખો ઉપરાંત હેમધ્વજની સં૦ ૧૫૫૦/ઈ૦ સ૦ ૧૪૯૪ની **ચૈત્યપરિપાટી**, પં૦ મહિમાસમુદ્રની સં૦ ૧૭૦૮ / ઈ૦સ૦ ૧૬૫૦માં બનેલી **જેસલમેર ચૈત્યપરિપાટી**, જિનસુખસૂરિ રચિત **ચૈત્યપરિપાટી** (સં૦ ૧૭૭૧ / ઈ૦સ૦ ૧૭૧૫), તથા યતિ વૃદ્ધિચન્દ્રની **વૃદ્ધિરત્નમાલા** (૧૮મી-૧૯મી સદી ?)માંથી કેટલીક વિશેષ માહિતી મળે છે. આ સિવાય ખરતરગચ્છીય સમયસુંદર ગણિનાં, જૂની મરુ-ગુર્જર ભાષામાં રચાયેલાં, બે સ્તવનોમાંથી અહીંના શાંતિનાથના મંદિર તથા આદિનાથના મંદિરના નિર્માતાઓ વિષે કેટલીક માહિતી મળે છે. (આમાં આદિનાથવાળું સ્તવન સં૦ ૧૬૮૧/ઈ૦ સ૦ ૧૬૨૫માં બનેલું હતું.)

## (૧) પાર્શ્વનાથ જિનાલય

પૂર્વે લોદ્રવાથી ઈ૰ સ૰ ૧૨૦૭માં જેસલમેર લવાયેલ પાર્શ્વનાથની વેળુની પ્રતિમાને આચાર્ય જિનરાજસૂરિના ઉપદેશથી એક વ્યવસ્થિત વિશાળ મંદિર રચી તેમાં સ્થાપવામાં આવેલી. બાંધકામ સં૰ ૧૪૫૯/ઈ૰ સ૰ ૧૪૦૩માં શરૂ થયેલું અને સં૰ ૧૪૭૩/ઈ૰ સ૰ ૧૪૧૭માં બાવન જિનાલય રૂપે પૂરું થઈ તેની પ્રતિષ્ઠા જિનચન્દ્રસૂરિ(ચતુર્થ)ના હાથે સંપન્ન થયેલી. તેના આયોજનમાં મૂલપ્રાસાદ (મૂલનાયકનું વચલું મુખ્ય મંદિર), ગૂઢમંડપ, નવચોકી, રંગમંડપ, ફરતી ૫૧ દેવકુલિકાઓ (દેરીઓ), અને પૂર્વમાં પ્રવેશદ્વારે મુખચતુષ્કી (શણગાર ચોકી), અને તેની સામે બહાર પ્રાંગણમાં એક અલંકારખચિત સ્તંભો પર ઊભું કરેલું તોરણ. મૂલનાયકની પ્રતિમાની તેમ જ દેવકુલિકાઓની પ્રતિષ્ઠા મંદિર પૂરેપૂરું તૈયાર થઈ ગયા બાદ જ, ઈ૰ સ૰ ૧૪૧૭માં કરવામાં આવેલી. મંદિરનું તે કાળના ભટ્ટિ રાજ્યકર્ત્તા 'લક્ષ્મણ' પરથી 'લક્ષ્મણવિહાર' એવું અભિધાન પણ અપાયેલું તેમ ત્યાંના નિર્માણ પ્રશસ્તિના મૂળ લેખ પરથી જાણવા મળે છે. તેમાં મંદિરના નિર્માતારૂપે ઓસવાલ રાકા ગૌત્રીય શ્રેષ્ઠી જયસિંહ-નરસિંહનાં નામ પણ મળે છે.

મંદિર સમૂહના પ્રાંગણમાં આવતાં જ પાર્શ્વનાથ જિનાલયની પ્રવેશચોકી સામે ઊભું કરેલું નખશીખ અલંકૃત તોરણ (ચિત્ર ૧-૩) સૌ પહેલાં દૃષ્ટિગોચર થાય છે. તેના ઉપાડમાં ૧૧મી સદીના કંડારકામની પરિપાટી અનુસરતો, કમલપત્ર પર ઝીણી કોરણીવાળો જાડ્યકુંભ (જાડંબો), ખાસ ધ્યાન ખેંચી રહે છે (ચિત્ર ૨). તેના પર વેદીબંધ અને તે પછી પ્રતિમાઓ ધરાવતી જંઘા, અને તે પર શોભનમેખલાઓ ધરાવતો સ્તંભ, તેની લુમ્બિઓ પર ટેકવેલ નૃત્યભંગીઓ બતાવતી ચાર ચાર પૂતળીઓ તેમ જ વ્યાલ આદિનાં રૂપો દર્શાવતાં ફલકો, તે પછીના સ્તંભશીર્ષ (શરા) પર ઉચ્ચાલક-સ્તંભ(ટેકી)ના શરા સાથે જોડેલા ચાર ચાર ફલકોમાં અનુક્રમે માલાધર અને પુષ્પધર વિદ્યાધરો સરખાં રૂપો કરેલાં છે. વચ્ચે 'ઈલ્લિકા' વર્ગનું, અત્યંત ઘાટીલું અને અલંકૃત, અષ્ટભંગી તોરણ કરેલું છે (ચિત્ર ૩). સ્તંભના પાટડા ઉપર ઈલ્લિકાવલણમાં બન્ને બાજુએ જિનપ્રતિમાઓ અને તેમના ચામરધારીઓ વગેરે નજરે પડે છે. તોરણ છોડીને આગળ વધતાં પ્રવેશની શણગારચોકીમાં દાખલ થવાય છે. તેને વેદિકાદિ નથી કર્યાં : અહીં મોઢા આગળની બે (ઓછી અલંકૃત) થાંભલીઓ પર ત્રણે બાજુ તોરણો લગાવેલાં છે. જેમાં પૂર્વ દિશામાં લગાવેલું તોરણ તો બહારના તોરણ જેવું જ છે, અને એટલું જ મનોહર છે (ચિત્ર ૩). ઉપર 'નાભિમંદારક' જાતિનો વિતાન (છત) દૃષ્ટિગોચર થાય છે (ચિત્ર ૪).

આ ચોકીઆળામાં થઈને મંદિરની અંદર દાખલ થઈએ ત્યારે ત્યાં સૌ પહેલાં તો ષટ્શાલાના મિશ્રક જાતિના સાદા થાંભલાઓની બેવડી હાર આવે છે. તે પછી આગળ જતાં, વચ્ચેના મુખ્ય

ભાગમાં, અત્યંત અલંકારી બાર સ્તંભોની ગોઠવણી જોવા મળે છે. શણગારેલ કુમ્ભી પર એ સૌ સ્તંભોની જંઘાઓમાં ચાર ચાર પ્રતિમાઓ કાઢેલી છે; એ પછી ઉપરના ભાગે આવતી પર્ણબંધ અને ગ્રાસ-કીંકણિકાદિ મેખલાઓ પુરાણી મધ્યકાલીન મરુ-ગુર્જર પ્રથાનું અનુસરણ કરે છે. રંગમંડપના આયોજનનો ચોરસ તલચ્છંદ તો ૧૨ થાંભલાનો છે; પણ સ્તંભો વચ્ચે લગાવેલાં અષ્ટભંગી તોરણો આબુ-દેલવાડાદિ સ્થળોએ છે તેમ ૧૨ની સંખ્યામાં ન કરતાં અઠાંશના હિસાબે તેના થાંભલાઓ વચ્ચે આઠની સંખ્યામાં જ કર્યા છે (ચિત્ર ૫). (આ પ્રથા પણ અલબત્ત જૂના કાળમાં પ્રચલિત હતી તેમ રાજસ્થાનમાં ૧૧મી સદીના કીરાડુના સોમેશ્વરના રંગમંડપ અને ઉત્તર ગુજરાતમાં મોઢેરાના સૂર્યમંદિરના રંગમંડપમાં અવશિષ્ટ રહેલાં તોરણો પરથી કલ્પી શકાય છે.) આ તોરણોનાં બે સુંદર દશ્યો ચિત્ર ૬ અને ૭માં રજૂ કર્યાં છે.

મંડપનો 'સભામંદારક' જાતિનો મહાવિતાન હોવો ઘટે જોઈએ તેટલો ઊંડાણભર્યો નથી. તેમાં નિયમ અનુસારના ઘાટડાઓ તો કર્યા છે અને તે પર શોભન-અલંકાર પણ કાઢેલો છે, પણ વચ્ચેનું લમ્બન જોઈએ તેટલું પ્રલમ્બ નથી. (વળી તેમાં વીજળીનું ગોળાવાળું મોટું ઝુમ્મર લટકાવેલું હોઈ તેની શોભા બગડવા ઉપરાંત તેની વ્યવસ્થિત રૂપે તસવીર લેવી પણ અશક્ય થઈ પડે છે.) રંગમંડપ અને પછી આવતી નવચોકી એક જ તળ પર કરેલાં છે. રંગમંડપના પાછલા ચાર સ્તંભો નવચોકીના મોવાડના સ્તંભોની કામગીરી બજાવે છે (ચિત્ર ૮). પણ તે પછી આવતા પાછળના સ્તંભો પ્રમાણમાં ઓછી કોરણી ધરાવે છે (ચિત્ર ૯). નવચોકી એના પશ્ચિમ ભાગે ગૂઢમંડપ સાથે જોડેલી છે. ગૂઢમંડપને ઉત્તર-દક્ષિણ દ્વારે પગથિયાંવાળાં ચોકીઆળાં કર્યાં હોઈ અંદર અજવાળું ઠીક પ્રમાણમાં રહે છે. ગર્ભગૃહમાં મૂલનાયક પાર્શ્વનાથની લેપયુકત પુરાણી પ્રતિમા બિરાજમાન છે.

ગર્ભગૃહ સમાવતા મૂલપ્રાસાદના છજ્જા સુધીનાં અંગો ઠીક ઠીક પ્રમાણમાં આભૂષિત કરેલાં છે (ચિત્ર ૧૦). પીઠભાગ ગ્રાસપટ્ટી સુધી કર્યો છે; જ્યારે તે ઉપર આવતા વેદીબન્ધના ખુરકને નરપીઠમાં પરિવર્તિત કર્યા છે. કુમ્ભ પર વિદ્યાદેવીઓ, યક્ષ-યક્ષીઓ આદિનાં રૂપ કોર્યાં છે. તેની ઉપર ક્રમમાં આવતા કળશના ઘાટનું પેટાળ ૧૧મી સદીથી ચાલી આવતી પરંપરા અનુસાર રત્નજડિત કર્યું છે. જંઘામાં કર્ણે દિક્‌પાલો, અને અન્ય રથો પર વિદ્યાદેવીઓ, ક્ષેત્રપાલ, આદિ દેવતાઓનાં રૂપો જોવા મળે છે. ભદ્રે વેદીબન્ધને સ્થાને વેદિકા કરેલી છે, જે અલંકૃત નથી; અને તેની ઉપર એકને માથે એક એમ બે ગોખલાઓ કરેલા છે (ચિત્ર ૧૦). છજ્જું એ યુગની પ્રથા પ્રમાણે મદલ(ઘોડા)થી નહીં પણ કંઠ અંતર્ગત વચ્ચે વચ્ચે થાંભલીઓ કરીને ટેકવ્યું છે. શિખર પર કોરણી નથી કરી.

ચારે તરફની દિશાઓમાં કરેલી ભમતીની દેવકુલિકાઓની પટ્ટશાલાના સ્તંભો સાદા છે. (અહીં પશ્ચિમ દિશાએ સ્તમ્ભોની હાર બેવડી કરી છે.) આ દેરીઓની હારમાં પ્રાસાદના પશ્ચિમ સૂત્રે મધ્યમાં, અને ગૂઢમંડપના ઉત્તર-દક્ષિણ સૂત્રે સામેના ભાગમાં, સાદા ભદ્રપ્રાસાદો કરેલા છે. ભમતીની પટ્ટશાલા સ્થાનાભાવે પગથિયાં વગરની, સીધા ઓટલારૂપે બનાવી છે; જો કે ત્રણે ભદ્રપ્રાસાદવાળા ભાગે અંદર ઊતરવાનાં ચાર-ચાર પગથિયાં બનાવેલાં છે ખરાં, પણ એકંદરે પ્રાસાદ ખાડામાં ઊભો હોય તેવો ભાસ થાય છે. એ જ સ્થિતિ નવચોકી સહિતના ગૂઢમંડપની પણ છે. આથી રંગમંડપમાંથી પ્રાસાદ તરફ જવા માટે, નવચોકીના અંત ભાગે, ઉત્તર અને દક્ષિણ બાજુ નીચે ઊંડાણવાળા ભાગમાં ઊતરવા પગથિયાં બનાવવા પડ્યાં છે.

કલાની દૃષ્ટિએ મંદિરના અંદરના ભાગની મોટી ખામી એ છે કે પટ્ટશાલા, રંગમંડપ, અને નવચોકીનાં તળો ચડઊતર હોવાં જોઈએ તેને બદલે એક જ સપાટીએ કરી દીધાં છે; આથી આ ત્રણે જુદાં જુદાં અંગોની ભેદરેખા સ્પષ્ટરૂપે રહી શકી નથી અને એથી જેમ આબૂ-દેલવાડાનાં તેમ જ કુંભારિયા આદિ મધ્યકાલીન મંદિરોમાં શક્ય બની છે તેવી ચડઉતારની નયનાભિરામ છંદલીલા અહીં પ્રગટી શકી નથી. બીજી બાજુ નવચોકી તેમ જ ભમતીની છતો સાદાં છાતિયાંથી જ ઢાંકી દીધી છે. આથી ઝાકઝમાકવાળી રૂપસુંદર છતોની ગેરહાજરીથી બન્ને સંરચના રસહીન-તેજહીન દેખાય છે. દેવકુલિકાની બહારની ભીંતોમાં સાદા ઘાટ છે; જ્યારે તેમના લાંબડા દેખાતા શિખર પર કંઈ નહીં તો યે પૂર્વ તરફ અલબત્ત જાલની કોતરણી છે (ચિત્ર ૧૧).

રંગમંડપમાં સં૰ ૧૫૦૮/ઈ૰ સ૰ ૧૪૬૨ના ત્રણ નંદીશ્વરદ્વીપના પટ્ટો તથા એક શત્રુંજય-ગિરનાર-તીર્થપટ્ટ હતો, જે બધા હાલ ઋષભદેવના મંદિરની પૂર્વ તરફની પટ્ટશાલામાં સ્થાપિત કર્યા છે. મંદિરના લેખો આ પૂર્વે (સ્વ૰) પુરણચંદ નહાર તથા (સ્વ૰) સારાભાઈ નવાબે પ્રગટ કરેલા.

મંદિરના મૂલનાયક ભગવાન પાર્શ્વનાથને ઉદ્દબોધીને સંસ્કૃત ભાષામાં એક સુંદર સ્તવન ૧૫મા સૈકાના અંતિમ ચરણમાં ખરતરગચ્છીય આચાર્ય જિનસમુદ્રસૂરિ(વેગડશાખા)એ બનાવેલું છે. અને ઈ૰સ૰ ૧૬૨૩નું વાચક સહજકીર્તિનું પણ એક સ્તોત્ર મળી આવ્યું છે.

## (૨) સંભવનાથ જિનાલય

પાર્શ્વનાથ જિનાલયના રંગમંડપથી દખણાદા, દેવકુલિકાઓની હારમાળમાં વચ્ચેથી સંભવનાથના મંદિરમાં જવાનો માર્ગ જાય છે. મંદિર સામે નાનકડો ચોક છે. મંદિરની પૂર્વ દિશાના મોવાડમાં ઓછી કોરણીવાળા સ્તંભોવાળું પણ શોભાયમાન ચોકીઆળું કરેલું છે. ચોકીઆળાની

બે બાજુ ભીંતમાં ખંડદાર જાળીઓ કાઢેલી છે, જેમાં હાથી અને અષ્ટમંગલોમાંથી ચૂંટેલાં મંગલો, પ્રાણીઓ, ભૌમિતિક કલ્પનો, ૧૪ સ્વપ્નાદિમાંથી પણ કેટલાંક ચૂંટી કાઢેલાં શોભનો, વગેરે જોવા મળે છે (ચિત્ર ૧૨). ચોકીઆળામાં 'નાભિપદ્મમંદારક' પ્રકારને મળતી છત કોરેલી છે (ચિત્ર ૧૩). ચોકીને મથાળે તિલક-ઘંટાવાળી સંવરણા (સામરણ) કરેલી છે.

અંદર જતાં, રંગમંડપના મુખાલિંદમાં, ત્રણેક સુંદર છતો જોવા મળે છે. તેમાંની વચ્ચે 'નાભિમંદારક' જાતિની લમ્બનયુક્ત છત તો આબૂની વિમલવસહીની છતોનું સ્મરણ કરાવી રહે છે. આની આજુબાજુની બે છતો અષ્ટકોણ છંદ પર રચાયેલી છે, જેમાંની એક અહીં ચિત્ર ૧૪ માં રજૂ કરી છે. રંગમંડપના સ્તંભોમાં બહુ કોતરકામ નથી; પણ તેનો વિતાન તો ઠાંસોઠાંસ અલંકારખચિત છે. વિતાનને ટેકવતા આઠેય પાટડાઓના મોવાડ પર વેલ અને વંદનમાલિકાની ભાતો જોવા મળે છે; જ્યારે તેની ઉપરના પાટડાના દર્શનભાગે અર્ધવર્તુળમાં કમળો કોરેલાં છે. તે પછી વિતાનના મૂળ ભાગનો ઉદય શરૂ થાય છે (ચિત્ર ૧૫). તેમાં વલયાકારે હંસપટ્ટી, ઝીણી કારીગરીયુક્ત કર્ણદર્દરિકા (કણદાદરી), તે ઉપર રૂપકંઠમાં વચ્ચે જિનપ્રતિમા ધરાવતી ગોખલી અને આજુબાજુની બે ગોખલીઓમાં વિદ્યાદેવીઓ અને યક્ષીઓ, તેમ જ અંતરે અંતરે આવતી વિદ્યાધરરૂપી ટેકણો ઉપર ૧૧ સુરસુંદરીઓ અને ૧૨મી ટેકણ પર (રાજસ્થાનની પરિપાટી અનુસાર) કામદેવની મૂર્તિ. આ અપ્સરાઓ, ઉપર આવનાર બે ગજતાલુના થરો અને તે પરના બે ચારખંડા કોલના થરો પૈકી નીચલા થરોની પડછે, ઊભેલી છે. વિતાનના કેન્દ્રભાગે પાંચ કોલવાળું લમ્બન કર્યું છે, જેના પ્રથમના ત્રણ કોલ અણીયાળાં અને ઝીણી કોરણીથી ઠાંસેલાં છે (ચિત્ર ૧૬).

મંદિરના પ્રાસાદ અને ગૂઢમંડપના થરો ઘાટવાળા છે, પણ તેમાં શોભનકામ અલ્પ પ્રમાણમાં છે. શિખરનાં અંગઉપાંગો પણ કોરણી વગરનાં છે. ફરતી ભમતી તો કેવળ ઓટલીરૂપે જ છે. પ્રાસાદ પાછળની ભમતીમાં પીળા પથ્થરની ત્રીસ જિન પ્રતિમાઓ સ્થાપેલી છે. અહીં ભમતીમાં રહેલી સં૰ ૧૫૧૮/ઈ૰ સ૰ ૧૪૬૨ની 'કલ્યાણત્રય'ની રચનાને કેટલાંક વર્ષો પહેલાં ઋષભદેવના મંદિરની પૂર્વ તરફની પટ્ટશાળામાં સ્થાપિત કરી છે; પણ વીસવિહરમાનજિનનો પટ્ટ ઉત્તર તરફની ઓટલી પર હજી પણ છે, અને નન્દીશ્વરપટ્ટ અને હાથી પર વિરાજમાન જિનમાતા મરુદેવીની મૂર્તિ પણ મંદિરની ભમતીમાં હોવાની નોંધ મળે છે. મંદિરમાં પ્રકાશની આવ કેવળ પૂર્વ દિશા તરફની જ હોઈ સવારના બે પ્રહરો પછી મંદિરમાં અંધારું રહે છે.

ચોપડા ગોત્રીય ચાર ઓસવાળ બંધુઓ—શિવરતા, મહિરાજ, લીલા, અને લાખણ—દ્વારા સં૰ ૧૪૯૪/ઈ૰ સ૰ ૧૪૩૮માં આ મંદિર બંધાવું શરૂ થયેલું, અને તેમાં સં૰ ૧૪૯૭/ઈ૰ સ૰ ૧૪૪૧માં ખરતરગચ્છના આચાર્ય જિનભદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા થયેલી.

મંદિર નીચે ભૂમિગ્રહમાં પુરાણી હસ્તપ્રતોનો સંગ્રહ સાચવેલો છે. તેમાં નીચે ઊતરતા સીડી પર પડખે (મૂળે ઉપરના મંદિરમાં સ્થપાયેલ) સં૰ ૧૫૧૮/ઈ૰ સ૰ ૧૪૬૨ના બે શત્રુંજય-ગિરનારના તીર્થપટ્ટો હોવાની નોંધ મળે છે. આ સંભવનાથના મંદિરના ચોકમાં પૂર્વ બાજુએ જ્યાં ચંદન ઘસવાના ઓરસિયા વગેરેની અલગ જગ્યા રાખી છે તેની નીચેરી વંડીમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધની વેલબુટ્ટાની કોરણીવાળી મુગલ-રાજપૂત શૈલીની એક સરસ જાળી જોવા મળે છે (ચિત્ર ૧૭).

## (૩) શીતલનાથ જિનાલય

પાર્શ્વનાથ મંદિરમાંથી ઉત્તરની ભમતીમાંથી એક દેરીની જગ્યા જેટલી નાળમાંથી અથવા તો મંદિરથી નીચે ઊતરી, તેના તોરણમાં થઈને ડાબી બાજુ(ઉત્તર દિશામાં)થી આ મંદિરના મોરાના ભાગમાંથી દાખલ થઈ શકાય છે. અહીં સંભવનાથના મંદિરને મળતી આવતી છતવાળું પણ ફાંસના સાથેનું ચોકીઆળું છે (ચિત્ર ૧૮) તથા અહીં પણ આજુબાજુ ખંડદાર જાળીઓ કોરેલી છે, જેમાં ભૌમિતિક સુશોભનો અને પ્રાણી-શિલ્પો અતિરિક્ત નાગપાશ આદિ હૈતવો ખંડોમાં ભરેલાં છે (ચિત્ર ૧૯, ૨૦). અંદરના ભાગે રંગમંડપ (તેમ જ ગભારામાં) રાખેલ જિન પ્રતિમાઓ ઉપરાંત એક ચતુર્વિંશતિ જિનનો પટ્ટ તથા આરસનો ૧૭૦ જિનનો પણ પટ્ટ હતો, જે બન્ને હવે ઋષભદેવજીના મંદિરમાં ગોઠવેલાં હોવાનું જણાય છે. શીતળનાથનું મંદિર ડાગા ગૌત્રીય ઓસવાળ લુણાસા તથા મણાસા નામક શ્રેષ્ઠીઓએ બનાવેલું છે; તેની પ્રતિષ્ઠા સં૰ ૧૫૦૮ / ઈ૰સ૰ ૧૪૫૨માં થયેલી છે. મંદિરની માત્ર દખ્ખણાદિ દિશામાંથી જ પ્રકાશ આવતો હોઈ અંદરનો ભાગ મહદંશે અંધારિયો રહે છે.

## (૪) ચંદ્રપ્રભ જિનાલય

આ ચતુર્મુખ જિનાલય પશ્ચિમ દિશાની બેવડા માળની દેવકુલિકાઓના પછવાડાનો અમુક ભાગ, પાર્શ્વનાથ જિનાલયના પ્રાંગણમાં, અગાઉ ચર્ચેલ ત્યાંના મોઢા આગળના તોરણથી થોડું ત્રાંસમાં પડે છે. જેસલમેરના મંદિર સમુદાયનું આ સૌથી ભવ્ય, ઉન્નત, અને દેવવિમાન સમાન ભાસતું જિનાલય છે (ચિત્ર ૨૧). મુખ્ય પ્રાસાદ ચતુર્મુખ છે. તેને ગૂઢમંડપ નથી, તેમ જ દક્ષિણ, ઉત્તર, અને પશ્ચિમ બાજુએ વચ્ચેના ચતુર્દ્વાર ગર્ભગૃહ પછી સીધી ભમતી જ આવે છે. એની ત્રણ દિશાઓમાં ગર્ભસૂત્રે શિખરયુક્ત દેવકુલિકાઓને બદલે સંવરણાયુક્ત ભદ્રપ્રાસાદોની યોજના હોય તેમ લાગે છે. (દક્ષિણ બાજુએ તો ભદ્રપ્રાસાદ સ્પષ્ટરૂપે દેખાય છે : ચિત્ર ૨૨.) ગર્ભગૃહ ત્રણ મજલાવાળું છે; જેમાં ત્રીજો માળ તો શિખરના નીચલા ભાગમાં કરેલો છે. શિખરમાં ત્રણે

દિશાએ, રાણકપુરના ધરણવિહારની જેમ, એક ઉપર એક ગવાક્ષો(ઝરૂખા)રૂપ ગોખલાઓ કાઢેલા છે. દેવકુલિકાઓમાં અજવાળું આવવા માટે બહાર જાળીઓવાળી ગોખલીઓ કાઢવામાં આવી છે. (ગર્ભગૃહની ત્રણ બાજુની ભમતીમાં એકંદરે ઉજાશનો અભાવ વરતાય છે.)

સમસ્ત મંદિર વેલપટ્ટી અને રત્નપટ્ટ(મોયલાપટી)ના કંદોરાવાળી જગતી પર ઊભું કરેલું છે. તેના પર ફરતી શિખરયુક્ત દેવકુલિકાઓ બે મજલાવાળી કરી છે. મંદિરમાં પ્રવેશ પૂર્વદ્વારે કરેલા, ઓછી કોરણીવાળા સ્તંભોયુક્ત ચોકીઆળામાંથી થાય છે. એનો ઉદય (ઉપાડ) જગતીના તળથી લઈ દેવકુલિકાઓના નીચલા માળ સુધીનો છે. તેની બે બાજુ ત્રણ ત્રણ દેવકુલિકાઓ આવી રહી છે. સીડી ચડતાં અંદર પ્રવેશ સીધો રંગમંડપમાં જ થાય છે. રંગમંડપ અને ફરતી રહેલી દેવકુલિકાઓ વચ્ચે સ્તંભયુક્ત પટ્ટશાલા નથી. રંગમંડપ જાજ્વલ્યમાન છે. બાર સ્તંભોમાંથી ચારે દિશાના, એટલે કે વચ્ચેના ભદ્ર ભાગના, જે આઠ છે તેની કોરણી તો પાર્શ્વનાથ જિનાલયના રંગમંડપના સ્તંભો જેવી જ છે; પણ છેડેના ચાર સ્તંભોમાં થોડો જુદવાડો વરતાય છે. ત્યાં જંઘા ચોરસ નહીં પણ અષ્ટકોણ કરી છે અને એથી તેમાં મૂર્તિઓ કરવા અવકાશ ન રહેતાં, રાણકપુરના ધરણવિહારના મંડપોમાં અને વરકાણાના પાર્શ્વનાથ મંદિરમાં જોવા મળે છે, તેમ ફરતી ઊભી પટ્ટીઓમાં વેલોનાં શોભાંકનો જોવા મળે છે (ચિત્ર ૨૩). મુખ્ય આઠ સ્તંભોમાં અહીંના પાર્શ્વનાથના મંડપની જેમ સુંદર આઠ તોરણો લગાવ્યાં છે (ચિત્ર ૨૪).

રંગમંડપના થાંભલાઓ ઉપરના પાટડાઓના મોવાડ પર નીચે પટ્ટી પર કલ્પવલ્લી, અને ઉપર પહોળા તંત્રક પર મોટાં અર્ધવર્તુળોમાં અર્ધકમળો કર્યાં છે (ચિત્ર ૨૫). તે ઉપર છાદ્ય (છજ્જું) લીધું છે. મંડપ 'મેઘનાદ' જાતિનો હોઈ તેને ઉપલો માળ લીધો છે, જેની શરૂઆત ટૂંકી વેદિકાથી થાય છે. તેના મોરા પર ગોખલીઓમાં બેઠેલાં દેવરૂપો કાઢેલાં છે. તે પછી ઉપર આવતો આસનપટ્ટ ઘણો બહાર પડતો ખેંચ્યો છે; અને તેના મોવાડમાં મોયલાપટ્ટી અને તળિયે કમળો કરી તેની વચ્ચારે લટકતાં પદ્મકેસરો કર્યાં છે (જેમાંનાં ઘણાંખરાં અલબત્ત તૂટી ગયાં છે.) (ચિત્ર ૨૫). આની ઉપર આવતા કક્ષાસનમાં, ઉપર-નીચે વેલપટ્ટીની વચ્ચે, આજુબાજુ છિદ્રવાળાં રત્નો કરેલાં છે (ચિત્ર ૨૫). નીચેના માળના સ્તંભો પર ચડાવેલા વામણા સ્તંભો પાટડાઓને ટેકવે છે; તેના મોરા પર નીચે વેલ અને ઉપર તન્ત્રકના દર્શનમાં ગોળ ચક્કરોમાં કમળો કોર્યાં છે. આની ઉપર છાજલી આવે છે; અને છાજલી પર પ્રત્યેક દિશામાં વચ્ચે જિન મૂર્તિઓ, તેમની બન્ને બાજુ અંતરે અંતરે સાધુ-સાધ્વીઓ (કે પછી શ્રાવક-શ્રાવિકાઓની) મૂર્તિઓ બેસાડેલી છે. તેની ઉપર વિતાનની હંસપટ્ટી, કર્ણદર્દરિકા, પછી રૂપકંઠમાં યક્ષીઓ, વિદ્યાદેવીઓ આદિની મૂર્તિઓ, અને તેમાં વચ્ચે વચ્ચે ગજમુખ વિદ્યાધરોની ૧૨ ટેકણો પર વિદ્યાધર-વિદ્યાધરીનાં

જોડલાંઓ ઊભાં કર્યાં છે (ચિત્ર ૨૬), જે ઘટના અન્યત્ર ક્યાંયે જોવા મળતી નથી. રૂપકંઠ પર ત્રણ ગજતાલુ, એક ચોખંડી કોલ, તે પછી ૨૪ ખૂબસૂરત લૂમાઓનું વર્તુળ, અને છેવટે મધ્યબિંદુએ પાંચ કોલયુક્ત લમ્બન કરેલું છે, જેમાં શરૂઆતના ત્રણ અણિયાળાં કોલ લખનવી ચિકનકારીના ભરત જેવી છિદ્રયુક્ત કોરણી ધરાવે છે (ચિત્ર ૨૭), જે વસ્તુ રાજસ્થાનમાં મેવાડના સમકાલીન મંદિરોમાં નહીં, પણ સૌરાષ્ટ્રમાં ગિરનાર ઉપરની આ કાળની છતોમાં જોઈ શકાય છે.

ચૌમુખ ફરતી ભમતીની દેરીઓમાં પંદરેક જેટલી મૂર્તિઓ સ્વસ્થાને છે અને મંડપને ભમતીની દેરીઓમાં પ્રતિમાઓ ઉપરાંત ચતુર્વિંશતિજિન આદિના પટ્ટો પણ સ્થાપેલા છે. ચૌમુખ ગર્ભગૃહ(ગભારા)ના ત્રણે માળોમાં જિન ચંદ્રપ્રભની પ્રતિમાઓ સ્થાપેલી છે. દક્ષિણ દિશાની દેવકુલિકાઓના અંગ-ઉપાંગોનો અંદર-બહાર નિકાળાનો છંદ એટલો સરસ છે કે જાણે તે સૌની સહિયારી પાછલી ભીંત પવનને હિલોળે ચડી ફરફરતી હોય તેવો ભ્રમ કરાવે છે (ચિત્ર ૨૮).

નિજમંદિર ભણશાળી વિદાએ સં૦ ૧૫૦૭/ઈ૦ સ૦ ૧૪૫૧માં બનાવેલું, જ્યારે મોઢા આગળનો મેઘનાદ મંડપ શ્રેષ્ઠી ગુણરાજે કરાવેલો. શૈલીની એકરૂપતા ધ્યાનમાં લેતાં સમસ્ત મંદિર એક જ સમયે બનેલું જણાય છે.

## (૫) ઋષભદેવ જિનાલય

ચંદ્રપ્રભની જોડાજોડ ઉત્તરમાં આ ભવ્ય શિખરયુક્ત મંદિર આવી રહેલું છે. તેમાં પ્રવેશ ચંદ્રપ્રભ મંદિરના પૂર્વ તરફના રસ્તા પર પડતા મંડપનાં સાદાં (કદાચ નવાં) દ્વારમાંથી થાય છે. અંદર તો પ્રાસાદ, અને તેને લાગેલો રંગમંડપ અને તેની સામે પટ્ટશાલા એટલું જ છે. પ્રાસાદની ત્રણ બાજુ ઓટલીવાળી ભમતી છે. પ્રાસાદ સારી રીતે કંડારાયેલો છે. તેમાં પીઠ અને વેદીબન્ધના હંમેશ મુજબના શણગાર છે, અને જંઘામાં દેવતાઓ અને અપ્સરાઓ વગેરેની મૂર્તિઓ કોરેલી છે, પણ નવીનતા એ છે કે ભદ્રભાગ સામાન્ય રીતે હોય છે તેનાથી પહોળો છે અને તેમાં ખંડદાર જાળીઓ લગાવવામાં આવી છે (ચિત્ર ૨૯, ૩૦). પહોળા મોટા શિખરના પૂર્વ દર્શનમાં શુકનાસને સ્થાને ભદ્રકર્ણાદિ અંગો અને સામરણયુક્ત દેરી જેવું કર્યું છે (ચિત્ર ૩૧). ગર્ભગૃહમાં ઋષભદેવની સપરિકર-સતોરણ પ્રતિમા મૂલનાયક તરીકે બિરાજમાન છે.

રંગમંડપના સ્તંભોમાં બહુ કારીગરી નથી કરી, પણ સ્તંભોની જંઘાઓમાં ચાલુ પ્રથા છોડી કેવળ મૂર્તિઓ કરવાને બદલે જુદાં જુદાં શોભનોના પરિવેશ સાથે નાની નાની મૂર્તિઓ કરેલી છે (ચિત્ર ૩૨), તેના જેવી શ્રૃંગારલીલા અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી. ક્યાંક ક્યાંક બ્રાહ્મણીય દેવતાઓની મૂર્તિઓ પણ કંડારી છે. સ્તંભો વચ્ચે તોરણો કર્યાં નથી. પટ્ટશાલામાં, આ મંદિરમાં

જ ખાસ મૂકવા માટે બનાવી હશે તેવી કેટલીક રચનાઓ છે, જેમાં શિખરનો હૂબહૂ અને અત્યંત ઘાટીલો નમૂનો ધરાવનાર, ઈ૰ સ૰ ૧૪૮૦નું સમવરણ, અને ગજારૂઢ મરુદેવી માતા તેમ જ ભરત ચક્રીની મૂર્તિઓ છે. તદુપરાન્ત ઈ૰ સ૰ ૧૪૮૦ના અરસામાં બનેલાં ચતુર્વિંશતિ જિન, ૭૨ જિન, ૭૦ જિન આદિના પટ્ટો છે.

મંદિરની સ્થાપનાનો લેખ તો નથી; પણ સમયસુંદરના **આદિનાથ-સ્તવન** (૧૬મી-૧૭મી સદી) અનુસાર આનું નિર્માણ સચ્ચુ ગણધર તથા તેના ભત્રીજા જયવંતે કરાવેલું અને ખરતરગચ્છીય જિનચન્દ્રસૂરિ(ચતુર્થ) દ્વારા સં૰ ૧૫૩૬/ઈ૰ સ૰ ૧૪૮૦માં તેની પ્રતિષ્ઠા થયેલી. એ કાળે નિર્માતાના નામ પરથી આ મંદિર 'ગણધરવસહી' નામે પણ ઓળખાતું હતું.

## (૬-૭) અષ્ટાપદ/શાન્તિનાથ જિનાલયો

ચન્દ્રપ્રભ જિનાલયના દક્ષિણના ભદ્રપ્રાસાદની લગભગ સામેના ભાગમાં, નીચે ચતુર્મુખ અષ્ટાપદ અને ઉપરના ભાગે ચતુર્મુખ શાંતિનાથનાં, એમ બેવડાં જિનાલય બન્યાં છે. પ્રાસાદમાં પ્રવેશ માટે છ પાતળા અને થોડાં પણ ઔચિત્યપૂર્ણ અલંકારોથી સોહતા થાંભલાઓવાળી, અને માથલા ભાગે જાળીદાર વલાનક(બલાનક, બલાણા)યુક્ત ચોકીમાંથી થાય છે (ચિત્ર ૩૩, ૩૪). ગર્ભગૃહમાં કુંથુનાથ મૂલનાયકવાળાં ચૌમુખ અષ્ટાપદની રચના કરી છે. (જો કે નિયમ પ્રમાણે તો અષ્ટાપદમાં મૂલનાયક રૂપે આદિનાથ હોવા ઘટે.) ગર્ભગૃહની જંઘામાં પ્રતિમાઓનો કંડાર છે. મંડપના અલંકૃત સ્તંભો પર તોરણો છે અને વિતાન પણ અલંકારપૂર્ણ છે. ભમતીમાં પીળા પથ્થરની સં૰ ૧૫૩૬/ઈ૰ સ૰ ૧૪૮૦ની મૂર્તિઓ છે તેમ જ ત્યાં એ જ સાલમાં ભરાવેલ ચતુર્વિંશતિ જિન, બાવન જિન, તથા બોતેર જિનના પટ્ટો મૂકેલા છે.

ઉપર રહેલા શાંતિનાથના મંદિરમાં મૂલનાયકની ચૌમુખ પ્રતિમાઓ સમવરણમાં બેસાડેલી છે. મુખ્ય દર્શનની પંચતીર્થી મૂર્તિ સં૰ ૧૫૩૬/ઈ૰ સ૰ ૧૪૮૦ની છે. સમવરણ ઉપરની છતમાં વિતાનના નિયમ મુજબના થરો સહિત ૧૨ વિદ્યાધરોના ટેકણ પર ૧૨ સુરસુંદરીઓ નૃત્યાદિ ભંગીઓમાં સ્થિત છે. વચ્ચે લમ્બન કરેલું છે. ગભારાનો મંડોવર પણ કોરણીયુક્ત છે. ડાબી બાજુ ૧૭૦ જિનનો, ઈ૰ સ૰ ૧૪૮૦નો, પટ્ટ છે. અહીં પીળા પાષાણની કાયોત્સર્ગની મૂર્તિની જોડી પણ છે; અને મંદિરનો પ્રશસ્તિલેખ પણ છે. (આ મંદિરની જંઘાઓ પર ક્યાંક ક્યાંક બ્રાહ્મણીય દેવ-દેવીઓની મૂર્તિઓ પણ કંડારી છે.)

રંગમંડપમાં પીળા પાષાણના હાથીઓ પર મંદિરના કરાપક ઓસવાલ જ્ઞાતિના શ્રેષ્ઠી ખેતા સંખવાલેચ તથા પત્ની સરસ્વતીની મૂર્તિઓ તેમના

સં૦ ૧૫૮૫/ઈ૦ સ૦ ૧૫૨૯ના શત્રુંજયાવતાર અને ગિરનારાવતારના બે પટ્ટો છે. ગર્ભગૃહને ઢાંકતી તિલક-કૂટવાળી જાજરમાન સંવરણા કરેલી છે (ચિત્ર ૩૫). મંદિરના નિર્માતા રૂપે પાંચા ચોપડાનું નામ પણ મૂળ પ્રશસ્તિલેખમાં મળે છે. બન્ને મંદિરોની પ્રતિષ્ઠા સં૦ ૧૫૩૬માં ખરતરગચ્છના તત્કાલીન આચાર્ય જિનસમુદ્રસૂરિએ કરેલી. આ મંદિરયુગ્મ પર પણ સમયસુંદર ગણિએ સ્તવન રચેલું છે.

### (૮) મહાવીર જિનાલય

મુખ્ય મંદિર સમૂહથી દૂર અને મોતી મહેલ થઈને જવાતા રસ્તા પર આ સાદું મંદિર આવેલું છે. તેની પ્રતિષ્ઠા સં૦ ૧૪૭૩/ઈ૦ સ૦ ૧૪૦૭માં થયેલી તેવો ત્યાંના બાવન જિનાલયના પટ્ટના લેખમાં ઉલ્લેખ છે; પરંતુ **વૃદ્ધિરત્નમાલા** અનુસાર તે સં૦ ૧૫૮૧/ઈ૦ સ૦ ૧૫૨૫માં થયેલી. ગમે તે હોય, મંદિરમાં સ્થાપત્યની દૃષ્ટિએ કોઈ નોંધનીય વસ્તુ નથી. શેઠ દીપા વરડિયા એના નિર્માતા હતા.

જેસલમેરનાં મંદિરો ૧૫મા શતકના પશ્ચિમ ભારતનાં દેવાલય સર્જનો અને વાસ્તુકલામાં કેટલીક નવીનતાઓને કારણે નોખી ભાત પાડે છે અને એ યુગમાં થયેલાં નોંધપાત્ર પ્રદાનોમાં તેમનું નિઃશંક અગ્રિમ સ્થાન છે.

## ચિત્રસૂચિ :

૧. જેસલમેર, પાર્શ્વનાથનું બાવન જિનાલય. મુખમંડપ સામેનું સ્તંભયુક્ત તોરણ, પ્રાયઃ ઈ૦ સ૦ ૧૪૧૭.
૨. પ્રસ્તુત તોરણના એક સ્તમ્ભની પીઠ.
૩. તોરણના સ્તમ્ભો વચ્ચે પકડાવેલું આંદોલ-તોરણ, અને તેની પાછળ દેખાતું ચોકીઆળાનું તોરણ.
૪. મુખચોકી(ચોકીઆળા)નો નાભિમંદારક જાતિનો વિતાન.
૫. રંગમંડપના સ્તમ્ભોની અષ્ટાંશનાં સ્તમ્ભો અને તોરણો.
૬. રંગમંડપના સ્તમ્ભો વચ્ચેનું એક આંદોલ-તોરણ.
૭. રંગમંડપના પશ્ચિમની ભદ્રની જોડીના સ્તમ્ભો વચ્ચેનું આંદોલ-તોરણ.
૮. રંગમંડપની પશ્ચિમ તરફની સ્તમ્ભાવલી, જે નવચોકીની પૂર્વ સ્તમ્ભાવલીનું કાર્ય બજાવે છે.
૯. નવચોકીના ઈશાન કોણેથી દેખાતા સ્તમ્ભોની હાર.
૧૦. મંદિરનો કોરણીયુક્ત મૂલપ્રાસાદ.

૧૧. બાવન જિનાલયની, પૂર્વ દિશાની મુખચોકી તરફ જોતાં, જમણી બાજુની દેવકુલિકાઓનું બહિર દર્શન.

૧૨. જેસલમેર, સંભવનાથ જિનાલય. રંગમંડપની પૂર્વ દિશાના ચોકીઆળાની બાજુની ખંડયુક્ત જાળી, પ્રાયઃ ઈ૦ સ૦ ૧૪૪૧.

૧૩. ચોકીઆળાની નાભિપદ્મમંદારક જાતિની છત.

૧૪. રંગમંડપના મુખાલિન્દની એક અષ્ટકોણ નાભિચ્છંદ જાતિની છત.

૧૫. રંગમંડપના મધ્યનો સભામંદારક જાતિનો વિતાન.

૧૬. મહાવિતાનનું કારીગરીયુક્ત લમ્બન.

૧૭. બહારની પડસાળની રાજપૂત-મુઘલયુગની ૧૯મી સદીના અંતિમ ભાગની જાળી.

૧૮. જેસલમેર, શીતલનાથ જિનાલય, (ઈ૦ સ૦ ૧૪૫૨). ઉત્તર તરફના મંડપના મોવાડની જાળીયુક્ત ભીંતમાં કાઢેલી દક્ષિણાભિમુખ ફાંસનાયુક્ત પ્રવેશચોકી.

૧૯. પ્રસ્તુત ઉત્તર ભીંતની ચોકીઆળાની બાજુની એક ખંડદાર જાળી.

૨૦. ઉત્તર ભીંતની, ચોકીઆળાના પડખાની, બીજી જાળી.

૨૧. જેસલમેર, ચન્દ્રપ્રભ જિનાલય, ઈ૦ સ૦ ૧૪૫૧. દક્ષિણ દિશા(અગ્નિ કોણ)થી થતું બહિર દર્શન.

૨૨. દક્ષિણ દિશાનો ભદ્રપ્રાસાદ અને અન્ય દેવકુલિકાઓ.

૨૩. રંગમંડપનો જંઘામાં વેલની કોરણીવાળો એક સ્તમ્ભ.

૨૪. રંગમંડપની(અષ્ટ)તોરણયુક્ત સ્તમ્ભાવલી.

૨૫. રંગમંડપનો કોરણીયુક્ત ભારભટ્ટ અને ઉપલા માળનાં વેદિકા, કક્ષાસન, અને વામન સ્તમ્ભો.

૨૬. મધ્યના સભા પદ્મમંદારક જાતિના કરોટકના નીચલા સ્તરો.

૨૭. કરોટકનો ભરતકામ શી કારીગરીવાળાં લૂમાઓ અને લમ્બનયુક્ત કેન્દ્ર ભાગ.

૨૮. દક્ષિણ તરફની દેવકુલિકાઓનું બહિર દર્શન.

૨૯. જેસલમેર, ઋષભદેવ જિનાલય, ઈ૦ સ૦ ૧૪૮૦. મૂલપ્રાસાદના દક્ષિણ ભદ્રની શોભનયુક્ત ખંડદાર જાળી.

૩૦. મૂલપ્રાસાદની પશ્ચિમ ભદ્રની ખંડયુક્ત જાળી.

૩૧. વિશિષ્ટ શુકનાસ ધરાવતા પ્રાસાદ શિખરનું અગ્નિકોણથી થતું દર્શન.

૩૨. રંગમંડપના એક સ્તમ્ભની જંઘાનું વિશિષ્ટ અને અભૂતપૂર્વ કોતરકામ.

૩૩. જેસલમેર, ચન્દ્રપ્રભ-અષ્ટાપદ સંયુક્ત જિનાલયો, ઈ૦ સ૦ ૧૪૮૦. પ્રવેશચોકી અને વલાનકનું ઈશાન ખૂણાથી થતું દર્શન.

૩૪. વલાનકનું સમીપ દર્શન.

૩૫. ઉપર રહેલા અષ્ટાપદ પ્રાસાદની ફૂટયુક્ત સંવરણા.

---




૧. જેસલમેર, પાર્શ્વનાથનું બાવન જિનાલય. મુખમંડપ સામેનું સ્તંભયુક્ત તોરણ, પ્રાય: ઈ૦ સ૦ ૧૪૧૭.



૨. પ્રસ્તુત તોરણના એક સ્તમ્ભની પીઠ.





૪. મુખચોકી(ચોકીઆળા)નો નાભિમંદારક જાતિનો વિતાન.

← ૩. તોરણના સ્તમ્ભો વચ્ચે પકડાવેલું આંદોલ-તોરણ, અને તેની પાછળ દેખાતું ચોકીઆળાનું તોરણ.

૬. રંગમંડપના સ્તમ્ભો વચ્ચેનું એક આંદોલ-તોરણ. ➔




૫. રંગમંડપના સ્તમ્ભોની અષ્ટાંશનાં સ્તમ્ભો અને તોરણો.


૭. રંગમંડપના પશ્ચિમની ભદ્રની જોડીના સ્તમ્ભો વચ્ચેનું આંદોલ-તોરણ. ➔









૮. રંગમંડપની પશ્ચિમ તરફની સ્તમ્ભાવલી, જે નવચોકીની પૂર્વ સ્તમ્ભાવલીનું કાર્ય બજાવે છે.




૯. નવચોકીના ઈશાન કોણેથી દેખાતા સ્તમ્ભોની હાર.






૧૦. મંદિરનો કોરણીયુક્ત મૂલપ્રાસાદ.




૧૩. ચોકીઆળાની નાભિપદ્મમંદારક જાતિની છત.

← ૧૧. બાવન જિનાલયની, પૂર્વ દિશાની મુખચોકી તરફ જોતાં, જમણી બાજુની દેવકુલિકાઓનું બહિર દર્શન.




૧૨. જેસલમેર, સંભવનાથ જિનાલય. રંગમંડપની પૂર્વ દિશાના ચોકીઆળાની બાજુની ખંડયુક્ત જાળી, પ્રાય: ઈ૦ સ૦ ૧૪૪૧.

૧૪. રંગમંડપના મુખાલિન્દની એક અષ્ટકોણ નાભિચ્છંદ જાતિની છત.




૧૫. રંગમંડપના મધ્યનો સભામંદારક જાતિનો વિતાન.







૧૬. મહાવિતાનનું કારીગરીયુક્ત લમ્બન.



૧૭. બહારની પડસાળની રાજપૂત-મુઘલયુગની ૧૯મી સદીના અંતિમ ભાગની જાળી.

૧૮. જેસલમેર, શીતલનાથ જિનાલય, (ઈ૦ સ૦ ૧૪૫૨). ઉત્તર તરફના મંડપના મોવાડની જાળીયુક્ત ભીંતમાં કાઢેલી દક્ષિણાભિમુખ ફાંસનાયુક્ત પ્રવેશચોકી.






૧૯. પ્રસ્તુત ઉત્તર ભીંતની ચોકીઆળાની બાજુની એક ખંડદાર જાળી.





૨૦. ઉત્તર ભીંતની, ચોકીઆળાના પડખાની, બીજી જાળી.



૨૧. જેસલમેર, ચન્દ્રપ્રભ જિનાલય, ઈ૦ સ૦ ૧૪૫૧. દક્ષિણ દિશા(અગ્નિ કોણ)થી થતું બહિર દર્શન.

૨૨. દક્ષિણ દિશાનો ભદ્રપ્રાસાદ અને અન્ય દેવકુલિકાઓ. →







← ૨૩. રંગમંડપનો જંઘામાં વેલની કોરણીવાળો એક સ્તમ્ભ.



૨૪. રંગમંડપની(અષ્ટ)તોરણયુકત સ્તમ્ભાવલી.



૨૫. રંગમંડપનો કોરણીયુક્ત ભારભટ્ટ અને ઉપલા માળનાં વેદિકા, કક્ષાસન, અને વામન સ્તમ્ભો.





૨૬. મધ્યના સભા પદ્મમંદારક જાતિના કરોટકના નીચલા સ્તરો.




૨૭. કરોટકનો ભરતકામ શી કારીગરીવાળાં લૂમાઓ અને લમ્બનયુક્ત કેન્દ્ર ભાગ.

૨૮. દક્ષિણ તરફની દેવકુલિકાઓનું બહિર દર્શન. ➔





૨૯. જેસલમેર, ઋષભદેવ જિનાલય, ઈ૦ સ૦ ૧૪૮૦. મૂલપ્રાસાદના દક્ષિણ ભદ્રની શોભનયુક્ત ખંડદાર જાળી.




૩૦. મૂલપ્રાસાદની પશ્ચિમ ભદ્રની ખંડયુક્ત જાળી.



૩૧. વિશિષ્ટ શુકનાસ ધરાવતા પ્રાસાદ શિખરનું અગ્નિકોણથી થતું દર્શન.




૩૨. રંગમંડપના એક સ્તમ્ભની જંઘાનું વિશિષ્ટ અને અભૂતપૂર્વ કોતરકામ.



૩૩. જેસલમેર, ચન્દ્રપ્રભ-અષ્ટાપદ સંયુક્ત જિનાલયો, ઈ૰ સ૰ ૧૪૮૦. પ્રવેશચોકી અને વલાનકનું ઈશાન ખૂણાથી થતું દર્શન.



૩૪. વવાનકનું સમીપ દર્શન.



૩૫. ઉપર રહેલા અષ્ટાપદ પ્રાસાદની કૂટયુક્ત સંવરણા.